# N C BODIWALA AND PRIN. M C DESAI COMMERCE COLLEGE
# TANKSHAL, KALUPUR, AHMEDABAD-01

## બીજો પ્રયત્ન (વધારો)
## જુ.ક્લાર્ક (દિવ્યાંગ) ની જગ્યા માટેના પસંદગી પ્રક્રિયા અને ભરતી સંદર્ભેના નિયમો

ઉ.શિ.કમિ.કચેરી એન.ઓ.સી પત્ર ક્રમાંક: કવટ/isc3/NOC /મુ.વધારો /૯૨૮૩ તા. ૨૭/૦૭/૨૦૨૬ મુજબ સદર ભરતી અને પસંદગી ના નિયમો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) ના સુધારેલા નિયમો (Combined Competitive Examination Rules) મુજબ, જુનિયર ક્લાર્ક વર્ગ-૩ (દિવ્યાંગ) ની ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓબ્જેક્ટિવ (MCQ) સાથે ઓ.એમ.આર શીટ આધારિત પરીક્ષા પદ્ધતિ રેહશે. જનરલ PH category-A B C D & E તમામની ભરતી પસંદગી માટેના મુખ્ય નિયમો, લાયકાત અને પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ છે.

૧) લાયકાત અને વયમર્યાદા (Eligibility & Age Limit) ભારતીય નાગરિકતા ધરવતા હોય તેવા ઉમેદવારો **શૈ.લાયકાત:** માન્ય યુનિવર્સિટીની સ્નાતક (Bachelor's Degree) કે તેને સમકક્ષ પદવી હોવી ફરજિયાત છે. **ભાષા જ્ઞાન:** ગુજરાતી,અંગ્રેજી અને હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જરૂરી છે. **કમ્પ્યુટર જ્ઞાન:** ઉમેદવાર કમ્પ્યુટરના ઉપયોગ અંગેનું પાયાનું જ્ઞાન (CCC અથવા સમકક્ષ) ધરાવતો હોવો જોઈએ. **વયમર્યાદા:** સામાન્ય કેટેગરી માટે વયમર્યાદા 20 થી 35 વર્ષ ની વચ્ચે હોવી જોઈએ, જેમાં અનામત વર્ગના ઉમેદવારોને નિયમાનુસાર છૂટછાટ મળશે

**૨) જરૂરી નિયમો અને શરતો:**
**વિકલાંગતાની ટકાવારી:** ઉમેદવાર પાસે સિવિલ સર્જન દ્વારા પ્રમાણિત થયેલ ઓછામાં ઓછી ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા હોવાનું સત્તાવાર ડિસેબિલિટી સર્ટિફિકેટ (Certificate of Disability) હોવું ફરજિયાત છે. વધુમાં, દિવ્યાંગ ઉમેદવારોને સરકારના નિયમો મુજબ પરીક્ષામાં વધારાનો સમય (Compensation Time) અને જરૂરિયાત મુજબ લહિયા (Scribe) મેળવવાની પણ પાત્રતા રહે છે. દિવ્યાંગ ઉમેદવારો માટેના લહિયા (Scribe) રાખવાના નિયમો અથવા ઉપલી વયમર્યાદામાં મળતી છૂટછાટ નિયમોનુસાર મળવાપાત્ર રહેશે.

3) પરીક્ષા પદ્ધતિ (Exam Structure) : ગુજ.રાજ્ય સ.શ્રીના સા.વ.વિ.તા.૨૨/૦૧/૨૦૨૬ ના જાહેર ક્રમાંક GS/૨૦૨૬/૦૧/૦૧૨૫/K થી મંજુર કરવામાં આવેલ પરીક્ષા પ્રક્રિયા મુખ્યત્વે બે તબક્કામાં રહેશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે..

**તબક્કો-૧:** પ્રાથમિક પરીક્ષા ગ્રુપ-B માટે આ પ્રાથમિક પરીક્ષા ફક્ત સ્ક્રીનિંગ (ક્વોલિફાઇંગ) ટેસ્ટ (M.C.Q) છે. ઉમેદવારોએ મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહિ. કુલ પ્રશ્નોની પ્રત્યેક પ્રશ્ન ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણની રહેશે. (ઓબ્જેક્ટિવ MCQ). પરીક્ષાનો સમય: ૧૨૦ મીનીટનો રહેશે. દિવ્યાંગની ભરતી હોવાથી ખાસ કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે અર્થાત પરીક્ષા સમય ૨ કલાક ૪૦ મિનીટ રહેશે.
**નેગેટિવ માર્કિંગ:** દરેક પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ (નેગેટીવ) માર્ક ગણાશે..

**પરીક્ષાનો સિલેબસ** : રીઝનીંગ (૬૦ ગુણ), એપ્ટિટ્યુડ/ગણિત (30 ગુણ), અંગ્રેજી (15 ગુણ), અને ગુજરાતી (15 ગુણ), જનરલ એવેરનેસ અને કરંટ અફેર્સ-૩૦ ગુણ. કુલ ગુણ ૧૫૦ રહેશે.

**તબક્કો-૨:** મુખ્ય પરીક્ષા: પ્રાથમિક પરીક્ષામાં કુલ ગુણ ૧૫૦ માંથી ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવેલ હોવા ફરજીયાત છે. ૪૦ ટકાથી ઓછા ગુણ મેળવેલ ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં લાયક ગણવામાં આવશે નહિ. લાયક ઉમેદવારોને મેરીટના આધારે જગ્યાના સાત ગણા લેખે બીજા તબક્કાની appendix G મુજબ ૨૦૦ ગુણની ગ્રુપ-બીની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે. કુલ ૨૦૦ માર્કસની ૨ કલાકની પરીક્ષા રહેશે.પરંતુ દિવ્યાંગની ભરતી હોવાથી ખાસ કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે,અર્થાત પરીક્ષા સમય ૨ કલાક ૪૦ મિનીટ રહેશે. **નેગેટિવ માર્કિંગ:** દરેક પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ (નેગેટીવ) માર્ક ગણાશે.

મુખ્ય પરીક્ષા સંપૂર્ણ ઓબ્જેક્ટિવ (MCQ) પ્રકારની છે. કુલ ગુણ: ૨૦૦ ગુણ સમય: ૨ કલાક ૪૦ મિનીટ કલાક.

**પરીક્ષાનો સિલેબસ-** Indian State System and Constitution:20 marks, Indian Economy, State Economy, NITI Aayog:20 marks, Public Administration and Governance:20 marks, Discipline and Ethics in Public Service:10 marks, Information on various government Scheme: 30 marks, Regional National and International Important Events including Current Affairs:30 marks, History and Geography of Gujarat:20 marks, Cultural Heritage of Gujarat (Arts and Literature):10 marks, Gujarati and English:20 marks, Science Environment and Information Technology:20 marks

**પસંદગી માટે નિમણૂકના ખાસ નિયમો:**

બીજા તબક્કાની મુખ્ય પરીક્ષામાં સફળ અને અસફળ ઉમેદવારોની યાદી પસિદ્ધ કરવામાં આવશે જેમાં ભરવાની થતી દિવ્યાંગ કેટેગરી વાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારો માંથી મેરીટના ધોરણે આખરી પસંદગી જે દિવ્યાંગ ઉમેદવારો માંથી પ્રથમ પસંદગી "B" કેટેગરીના ઉમેદવારની મેરીટના ધોરણે થશે જો મેરીટમાં "બી" કેટેગરીના ઉમેદવાર નહીં મળે તો જ અન્ય કેટેગરી -A,C,D & E માંથી પસંદગી કરવામાં આવશે. જે મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટ આધારે ગણાશે. બંને પરીક્ષામાં પાસ થવાનું લઘુતમ ધોરણ ૪૦% રહેશે. પસંદગી પામેલા ઉમેદવારને પ્રથમ ૫ (પાંચ) વર્ષ માટે ફિક્સ પગારના ધોરણે કરાર આધારિત નિમણૂક આપવામાં આવશે અને અન્ય કોઈ ભથ્થાં કે નાણાકીય લાભો ફિક્સ પગાર ના સમયગાળામાં મળવાપાત્ર નહિ.

સ્થળ : અમદાવાદ

તારીખ- ૦૯-૦૯-૨૦૨૬

A. D. [signature]

આચાર્યશ્રી

આચાર્યશ્રી
એન.સી.બોડીવાલા
પ્રિ.એમ.સી. દેસાઈ કોમર્સ કોલેજ
અમદાવાદ.